(3) ટૂંકા ગાળાનું ધિરાણ સૈદ્ધાંતિક રીતે કેટલા સમયગાળા માટેનું હોય છે ?

) 1 વર્ષ સુધીનું   (બ) 1 થી 3 વર્ષ સુધીનું

(ક) 1 થી 5 વર્ષ સુધીનું   (ડ) 5 થી 15 વર્ષ સુધીનું

(4) મધ્યસ્થ બૅન્ક એટલે શું ?

(અ) ખાનગી બૅન્ક   ) દેશની સર્વોચ્ચ બૅન્ક   (ક) સહકારી બૅન્ક   (ડ) વિદેશી બૅન્ક

(5) RBI અન્ય બૅન્કો પાસેથી અત્યંત ટૂંકા સમયનું ધિરાણ લે તેના દરને શું કહેવાય ?

(અ) રેપો રેટ   (બ) બૅન્ક રેટ

રીવર્સ રેપો રેટ   (ડ) ખુલ્લા બજારનો દર

પારિભાષિક શબ્દો

આર્થિક પ્રવૃત્તિ (Economic Activity) : જરૂરિયાતોના સંતોષ માટે માણસ દ્વારા થતી પ્રવૃત્તિ જેમાં આવક-ખર્ચ અને વિનિમય સંકળાયેલા છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics) : જે આર્થિક અભ્યાસો અર્થતંત્રના આર્થિક એકમોનું વિશ્લેષણ કરે છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે.

સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics) : જે આર્થિક અભ્યાસો સમગ્ર આર્થિક સમષ્ટિનો અભ્યાસ કરે છે અને તેનાં તારણો સમગ્ર અર્થતંત્રને લાગુ પડે છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે.

વૃત્તાંશ આવૃત્તિ (Pie Chart) : વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. એક વર્તુળને એક સમષ્ટિ માની લેવામાં આવે અને માહિતીને વર્તુળના ભાગ પાડીને દર્શાવવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે.

વિશ્લેષણ (Analysis) : માહિતીનું વર્ગીકરણ કરી તેના કાર્યકારણના સંબંધને તપાસવાની પ્રક્રિયા

વિનિમય (Exchange) : પરસ્પર લેવડ-દેવડ. એક વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રક્રિયા

વૈજ્ઞાનિક પદ્ધતિ (Scientific Method) : કાર્યકારણના સંબંધને તપાસીને તારણો મેળવવાના અને તેને વારંવારના પ્રયોગો દ્વારા તપાસવાની પદ્ધતિ એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ

વિશિષ્ટીકરણ (Specialisation) : જે વ્યક્તિ કે ઉત્પાદનનું સાધન જે બાબતમાં વધારે કાર્યકુશળ હોય તેને તે જ કાર્યમાં વધુ પરોવાય તે વિશિષ્ટીકરણ કહેવાય.

વાસ્તવિક (સકારાત્મક) (Positive) : વાસ્તવિકતાનું વિશ્લેષણ કરનાર તથા વાસ્તવિક પરિબળો, પરિસ્થિતિઓનો વિચાર કરનાર અભ્યાસ-પદ્ધતિ

આદર્શલક્ષી (Normative) : સારાં અને ખરાબ તરીકેનાં પાસાઓ દર્શાવતી વિશ્લેષણની પદ્ધતિ.

કિંમત (Price) : વસ્તુ કે સેવાના બદલામાં ચૂકવાતા નાણાકીય એકમનું પ્રમાણ એટલે કિંમત.

મૂલ્ય (Value) : વસ્તુ કે સેવાનું અન્ય વસ્તુ કે સેવાના પ્રમાણમાં વિનિમય મૂલ્ય.

વસ્તુઓ (Goods) : માનવીની જરૂરિયાત સંતોષનાર ભૌતિક બાબતો

સંપત્તિ (Wealth)	:	જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે.
સેવાઓ (Services)	:	માનવ-જરૂરિયાત સંતોષનારી અભૌતિક બાબતોને સેવાઓ કહેવામાં આવે છે.
ઉત્પાદનનાં સાધનો (Factors of Production)	:	વસ્તુના ઉત્પાદન માટેનાં મૂળભૂત આવશ્યક સાધનો એટલે ઉત્પાદનનાં સાધનો.
વ્યાપારચક્ર (Trade Cycle)	:	અર્થતંત્રમાં વારાફરતી આવતા સારા અને ખરાબ તબક્કાઓ
કલ્યાણ (Welfare)	:	અગાઉ કરતા વધારે સારી સ્થિતિનો અનુભવ
માંગ (Demand)	:	કોઈ એક ચોક્કસ સમયે અને કિંમતે વસ્તુ ખરીદવાની ઈચ્છાશક્તિ અને તૈયારી એટલે માંગ.
અવેજી વસ્તુ (Substitute Good)	:	જરૂરિયાતના સંતોષ માટે એક વસ્તુના સ્થાને બીજી જે વસ્તુ વાપરી શકાતી હોય તેને અવેજી વસ્તુ કહે છે.
પૂરક વસ્તુ (Complementary Good)	:	એક વસ્તુના વપરાશ માટે જરૂરી એવી બીજી વસ્તુને પૂરક વસ્તુ કહે છે.
માંગરેખા (Demand Curve)	:	વસ્તુની કિંમત અને વસ્તુની માંગ વચ્ચેના સંબંધને દર્શાવતી રેખાને માંગરેખા કહે છે.
માંગનું વિસ્તરણ (Expansion of Demand)	:	વસ્તુની કિંમતમાં ઘટાડો થતા માંગમાં વૃદ્ધિ થાય તે માંગનું વિસ્તરણ છે.
માંગનું સંકોચન (Contraction of Demand)	:	વસ્તુની કિંમતમાં વધારો થવાથી વસ્તુની માંગ ઓછી થાય તે માંગનું સંકોચન છે.
માંગ વિધેય (Demand Function)	:	વસ્તુની માંગ અને તેને અસર કરતાં પરિબળોની વિધેયાત્મક રજૂઆતને માંગ વિધેય કહે છે.
માંગની મૂલ્ય-સાપેક્ષતા (Price Elasticity of Demand)	:	વસ્તુની કિંમતમાં થતા ફેરફારને લીધે વસ્તુની માંગમાં થતા ફેરફારનું પ્રમાણમાપ.
સંપૂર્ણ મૂલ્યસાપેક્ષ માંગ (Perfectly Elastic Demand)	:	વસ્તુની કિંમતમાં થોડો જ ફેરફાર થવાથી વસ્તુની માંગમાં અમર્યાદિત ફેરફાર થાય ત્યારે તેવી માંગ સંપૂર્ણ મૂલ્ય સાપેક્ષ માંગ કહેવાય છે.
સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ માંગ (Perfectly Inelastic Demand)	:	વધુની કિંમતમાં ગમે તેટલા પ્રમાણમાં ફેરફાર થવા છતાં વસ્તુની માંગમાં કોઈ ફેરફાર ન થાય (અસર ન થાય) તેવી માંગ સંપૂર્ણ મૂલ્યઅનપેક્ષ કહેવાય છે.

અવેજી-અસર (Substitution Effect) : કોઈ એક મૂળ વસ્તુની કિંમતમાં વધારો થાય તો ગ્રાહક મૂળ વસ્તુની માંગ ઘટાડી તેની સરખામણીમાં સસ્તી એવી અવેજી વસ્તુની માંગ વધારે છે તેને અવેજી અસર કહે છે.

આવક-અસર (Income Effect) : વસ્તુની કિંમત ઘટતાં ગ્રાહકની ખરીદશક્તિમાં (આવકમાં) વધારો થાય છે જેથી તે વસ્તુની માંગ વધારે છે જેને આવક-અસર કહે છે.

વાસ્તવિક આવક (Real Income) : વસ્તુ કે સેવાના સંદર્ભમાં રજૂ થતી આવકને વાસ્તવિક આવક કહે છે.

ગિફન વસ્તુ (Giffen Goods) : જે વસ્તુઓની કિંમત ઘટવા છતાં તેની માંગ વધવાને બદલે ઘટતી હોય, તેવી હલકી ગુણવત્તાવાળી વસ્તુઓને ગિફન વસ્તુ કે હલકી વસ્તુ કહે છે.

પ્રતિષ્ઠામૂલ્યવાળી વસ્તુઓ (Commodities of Prestige Value/Status Symbol) : ખૂબ મોંઘી વસ્તુઓ, માત્ર સમાજના ધનવાન લોકો ખરીદી શકતા હોવાથી - જે વસ્તુઓ વ્યક્તિ પાસે હોવાથી વ્યક્તિની પ્રતિષ્ઠામાં વધારો થતો હોય તેવી વસ્તુઓ.

માંગની મૂલ્યસાપેક્ષતા (Price Elasticity of Demand) : માગમાં થતાં ટકાવારી ફેરફારને કિંમતમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગવાથી મળતો આંક એ માંગની મૂલ્ય સાપેક્ષતા છે.

માંગની આવક-સાપેક્ષતા (Income Elasticity of Demand) : માગમાં થતા ટકાવારી ફેરફારને ગ્રાહકની આવકમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગતા મળતો આંક

માંગની પ્રતિમૂલ્ય-સાપેક્ષતા (Cross Elasticity of Demand) : કોઈ એક વસ્તુની માંગમાં થતાં ટકાવારી ફેરફારને અન્ય સંબંધિત વસ્તુની કિંમતમાં થતા ટકાવારી ફેરફાર વડે ભાગતાં મળતો આંક

ઉત્પાદન (Production) : ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.

પુરવઠો (Supply) : ચોક્કસ સમયે અને નિશ્ચિત કિંમતે ઉત્પાદક ઉત્પાદનનો જે ભાગ વેચવાની ઇચ્છા, શક્તિ અને તૈયારી દર્શાવે તેને પુરવઠો કહે છે.

જથ્થો (Stock) : જથ્થો એટલે વસ્તુના કુલ વેચાણક્ષમ એકમોનું પ્રમાણ.

પુરવઠાની અનુસૂચિ (Supply Schedule) : કોઈ ઉત્પાદક કે વેપારી કોઈ એક સમયે વસ્તુની જુદી-જુદી કિંમતે વસ્તુનો કેટલો જથ્થો વેચવાની તૈયારી દર્શાવે છે તે દર્શાવાતી યાદી

પુરવઠારેખા (Supply Curve) : કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ દર્શાવતી રેખાને પુરવઠારેખા કહે છે.

પુરવઠામાં વિસ્તરણ (Expansion of Supply)	:	વસ્તુની કિંમત વધતાં પુરવઠામાં જે વૃદ્ધિ થાય છે તેને પુરવઠામાં વિસ્તરણ કહે છે.
પુરવઠામાં સંકોચન (Contraction of Supply)	:	વસ્તુની કિંમત ઘટતાં પુરવઠો ઓછો થાય છે તેને પુરવઠામાં સંકોચન કહે છે.
પુરવઠામાં વધારો (Increase in Supply)	:	ઉત્પાદન-ખર્ચ ઘટે, સરકારની હકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો વધે તેને પુરવઠામાં વધારો કહે છે.
પુરવઠામાં ઘટાડો (Decrease in Supply)	:	ઉત્પાદન-ખર્ચ વધે, સરકારની નકારાત્મક નીતિ વગેરેને કારણે પુરવઠો ઘટે તેને પુરવઠામાં ઘટાડો કહે છે.
વ્યક્તિગત પુરવઠો (Individual Supply)	:	કોઈ એક ઉત્પાદક કે પેઢી દ્વારા બજારમાં કોઈ ચીજવસ્તુનું જુદી-જુદી કિંમતે જે ઉત્પાદન વેચવા માટે મૂકવામાં આવે તેને વ્યક્તિગત પુરવઠો કહે છે.
બજાર-પુરવઠો (Market Supply)	:	કોઈ ચોક્કસ કિંમતે ઉત્પાદકો દ્વારા વસ્તુનો જેટલો પુરવઠો બજારમાં મૂકવામાં આવે છે તેના કુલ સરવાળાને બજાર-પુરવઠો કહે છે.
પુરવઠા વિધેય (Supply Function)	:	પુરવઠા વિધેય એટલે 'કોઈ એક વસ્તુ માટેના પુરવઠા ઉપર અસર કરતાં પરિબળોની ગાણિતિક સ્વરૂપમાં રજૂઆત' બીજા શબ્દોમાં કહીએ તો પુરવઠા વિધેય એ કોઈ એક વસ્તુનો પુરવઠો અને તેને અસર કરતાં વિવિધ પરિબળો વચ્ચેનો સંબંધ દર્શાવે છે.
સમતોલ કિંમત (Equilibrium Price)	:	માંગ અને પુરવઠા દ્વારા ચીજવસ્તુ અને સેવાની જે કિંમત નક્કી થાય તેને સમતોલ કિંમત કહે છે.
પેઢી (Firm)	:	વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરતું એકમ એટલે પેઢી. પેઢી એવું આર્થિક એકમ છે, જે મહત્તમ નફાના હેતુથી ઉત્પાદન કે વેચાણની પ્રવૃત્તિ કરે છે.
ઉત્પાદન-ખર્ચ (Cost of Production)	:	ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવા માટે નાણાંના સ્વરૂપમાં જે ખર્ચ કરવામાં આવે છે તે ઉત્પાદન-ખર્ચ છે.
વાસ્તવિક ખર્ચ (Real Cost)	:	ઉત્પાદન-પ્રક્રિયા દરમિયાન ઉત્પાદન-સાધનના માલિકોને (શ્રમિકો, મૂડીપતિ, જમીનના માલિક, નિયોજક) જે થાક, કંટાળો, દુઃખ, ત્યાગ, અસંતોષનો અનુભવ કરવો પડે છે તે વાસ્તવિક ખર્ચ છે, જે માપવું મુશ્કેલ હોય છે.
નાણાકીય ખર્ચ (Monetary Cost)	:	નિયોજક કોઈ વસ્તુનું ઉત્પાદન કરવામાં જે નાણાકીય ચૂકવણીઓ કરે છે તે નાણાકીય ખર્ચ છે. ઉત્પાદન માટે નાણાંના સ્વરૂપમાં થતા તમામ ખર્ચાઓ નાણાકીય ખર્ચ છે.

વૈકલ્પિક ખર્ચ (Opportunity Cost)	:	પસંદ કરેલ વિકલ્પ માટે જતો કરવો પડતો શ્રેષ્ઠ વિકલ્પ એ વૈકલ્પિક ખર્ચ છે. એક વસ્તુનું ઉત્પાદન કરવા જતા બીજી વસ્તુનું ઉત્પાદન થઈ શકતું નથી, તેથી જેનું ઉત્પાદન નથી થતું તેટલા મૂલ્યની રકમ ગુમાવવી પડે છે તે વૈકલ્પિક ખર્ચ છે.
સ્થિર ખર્ચ (Fixed Cost)	:	ઉત્પાદન વધતા-ઘટતા કે શૂન્ય થતા જે ખર્ચમાં કોઈ ફેરફાર ન થાય તેને સ્થિર ખર્ચ કહે છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સંબંધ હોતો નથી.
અસ્થિર ખર્ચ (Variable Cost)	:	ઉત્પાદનનું પ્રમાણ બદલાતા જે ખર્ચ બદલાય છે તે અસ્થિર ખર્ચ છે. ઉત્પાદન વધતા ખર્ચ વધે ઉત્પાદન ઘટતા ખર્ચ ઘટે અને ઉત્પાદન શૂન્ય થતા ખર્ચ પણ શૂન્ય થાય તેવો ખર્ચ અસ્થિર ખર્ચ છે. આ ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે સીધો સંબંધ હોય છે.
કુલ ખર્ચ (Total Cost)	:	કુલ સ્થિર ખર્ચ અને કુલ અસ્થિર ખર્ચનો સરવાળો કુલ ખર્ચ છે.
સરેરાશ સ્થિર ખર્ચ (Average Fixed Cost)	:	નિશ્ચિત ઉત્પાદનની સપાટીએ કુલ સ્થિર ખર્ચને કુલ ઉત્પાદિત એકમો વડે ભાગવાથી જે ખર્ચ મળે છે તે સરેરાશ સ્થિર ખર્ચ છે.
સરેરાશ અસ્થિર ખર્ચ (Average Variable Cost)	:	નિશ્ચિત ઉત્પાદનની સપાટીએ કુલ અસ્થિર ખર્ચને કુલ ઉત્પાદિત એકમો વડે ભાગવાથી જે ખર્ચ મળે છે તે સરેરાશ અસ્થિર ખર્ચ છે.
સરેરાશ ખર્ચ (Average Cost)	:	કુલ ખર્ચને ઉત્પાદનના કુલ એકમો વડે ભાગવાથી જે ખર્ચ પ્રાપ્ત થાય છે તેને સરેરાશ કુલ ખર્ચ કહે છે. સરેરાશ ખર્ચ એકમદીઠ ખર્ચ છે.
સીમાંત ખર્ચ (Marginal Cost)	:	કુલ ઉત્પાદનમાં એક એકમનો વધારો અથવા ઘટાડો થવાથી કુલ ઉત્પાદન-ખર્ચમાં જે ફેરફાર થાય છે તે સીમાંત ખર્ચ છે.
આવક (Revenue)	:	પેઢી ઉત્પન્ન કરેલા એકમોને વેચીને જે નાણાં મેળવે તેને આવક (Revenue) કહેવામાં આવે છે.
કુલ આવક (Total Revenue)	:	પેઢીએ તેના બધા જ એકમોના વેચાણમાંથી જે આવક મેળવી હોય તેને કુલ આવક કહેવાય છે.
સરેરાશ આવક (Average Revenue)	:	પેઢીની કુલ આવકને પેઢીના વેચાણ એકમોથી ભાગવાથી મળતી આવક એ સરેરાશ આવક છે. વસ્તુના એક એકમદીઠ થતી વેચાણ-આવક એ સરેરાશ આવક છે.

સીમાંત આવક (Marginal Revenue)	:	વસ્તુના વધારાના એક એકમના વેચાણના પરિણામે પેઢીની કુલ વેચાણ-આવકમાં જે વધારો થાય છે તે સીમાંત આવક છે.
ટૂંકો ગાળો (Short Run)	:	ટૂંકો ગાળો એટલે સમયનો એવો ગાળો જે ગાળા દરમિયાન યંત્રો-પ્લાન્ટ જેવાં સાધનો સ્થિર રહે છે એટલે કે તેમાં વધારો કરી શકાતો નથી.
લાંબો ગાળો (Long Run)	:	લાંબો ગાળો એટલે સમયનો એવો ગાળો જે ગાળા દરમિયાન યંત્રો, પ્લાન્ટ જેવાં સાધનોમાં ફેરફાર કરી શકાય છે.
પૂર્ણ હરીફાઈ (Perfect Competition)	:	સમાનગુણી વસ્તુના અસંખ્ય ખરીદનારા અને વેચનારા હોવાથી કોઈ એક કે થોડા ઉત્પાદકો વસ્તુની કિંમત પર અસર પાડી શકે નહિ તેવું બજાર એટલે પૂર્ણ હરીફાઈ-વાળું બજાર.
ઈજારો (Monopoly)	:	વસ્તુનો એક જ વિક્રેતા હોય તેવું બજાર.
ઈજારાયુક્ત હરીફાઈ (Monopolistic Competition)	:	નજીકની અવેજી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓ જે પોતાની વસ્તુમાં ઉત્પાદનમાં ઈજારો ધરાવે છે અને તેને વેચવા માટે હરીફાઈ કરે છે તેવું બજાર.
ઉત્પાદન-પ્રક્રિયા (Production Process)	:	વસ્તુના સ્થળ, સ્વરૂપ કે સમયમાં બદલાવ દ્વારા તુષ્ટિગુણ કે ઉપયોગિતા વધારવાની પ્રક્રિયા એટલે ઉત્પાદન-પ્રક્રિયા.
બજાર (Market)	:	'વસ્તુ કે સેવાના ખરીદ-વેચાણના હેતુથી ખરીદનાર અને વેચનાર એકબીજાના પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવે તે વ્યવસ્થા એટલે બજાર.'
કિંમત સ્વીકારનાર (Price Taker)	:	પૂર્ણ હરીફાઈવાળા બજારમાં પેઢીને કિંમત સ્વીકારનાર કહે છે. જ્યાં કિંમત સ્વીકારનાર એ એવી પેઢી છે. પોતાના જથ્થામાં પરિવર્તન કરીને વસ્તુની કિંમતને પ્રભાવિત કરી શકતી નથી અને બજારમાં વસ્તુની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થતી કિંમતને સ્વીકારી વસ્તુનું વેચાણ કરે છે.
કિંમત નક્કી કરનાર (Price Maker)	:	ઈજારાવાળા બજારમાં એક માત્ર વસ્તુ વેચનાર પેઢીને કિંમત નક્કી કરનાર કહે છે. જ્યાં વસ્તુ વેચનાર પેઢીને કોઈ હરીફાઈનું તત્ત્વ નડતું નથી માટે તે વસ્તુની કિંમત ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે છે. જેથી ઈજારાવાળા બજારમાં વસ્તુ વેચનાર પેઢીને કિંમત નક્કી કરનાર (Price Maker) કહે છે.
અસામાન્ય નફો (Super Normal Profit)	:	જો કોઈ બજાર પેઢીના સરેરાશ ખર્ચથી સરેરાશ આવક (AC < AR) ઊંચી હોય ત્યારે પેઢીને મળતા નફાને

અસામાન્ય નફો કહે છે.

કિંમત-ભેદભાવ (Price Discrimination)	:	એક સમાન વસ્તુની કે સેવાની જુદી-જુદી કિંમત વસૂલવી અથવા જુદા-જુદા ખરીદનારાઓ પાસેથી વસ્તુની જુદી-જુદી કિંમત વસૂલવી કે વસ્તુના જુદા-જુદા ઉપયોગ અનુસાર જુદી-જુદી કિંમત વસૂલવાની પ્રક્રિયાને કિંમત-ભેદભાવ કહે છે.
વેચાણ-ખર્ચ (Selling Cost)	:	વસ્તુના વેચાણ માટે થતા ખર્ચને વેચાણ-ખર્ચ કહે છે.
પરસ્પરાવલંબન (Interdependence)	:	અલ્પહસ્તક ઈજારાવાળા બજારમાં વેચનારની સંખ્યા ખૂબ ઓછી હોવાથી તેઓ તેમના હરીફ એવા એક-બીજાની જરૂરી માહિતી રાખે છે અને તે સંદર્ભના નિર્ણયો લે છે. પેઢીઓના આવા વર્તનને પરસ્પર અવલંબન (પરસ્પરાવલંબન) કહે છે.
કિંમત-ચુસ્તતા (Price Stickiness)	:	બજારમાં વસ્તુની કિંમત જ્યારે કોઈક સ્તરે સ્થિર એટલે કે જડ બને છે ત્યારે તેવી સ્થિર કિંમતને કિંમત-ચુસ્તતા કહેવાય છે.
ઉત્પાદનનાં સાધનોની ગતિશીલતા (Mobility of Factors of Production)	:	ઉત્પાદનનાં ચાર સાધનો (શ્રમ, મૂડી, નિયોજક અને જમીન) જ્યારે ભૌગોલિક, વ્યાવસાયિક અને ઉપયોગની દૃષ્ટિએ ફેરફાર સ્વીકારે છે. ત્યારે તેને તે ઉત્પાદનના સાધનની ગતિશીલતા કહેવાય છે.
પેઢી (Firm)	:	પેઢી એટલે વસ્તુ કે સેવાનું ઉત્પાદન કે વેચાણ કરતું એક સ્વતંત્ર એકમ.
ઉદ્યોગ (Industry)	:	એકસરખી વસ્તુઓનું ઉત્પાદન કરતી પેઢીઓનો સમૂહ.
રોજગારીનું માળખું (Occupational Structure)	:	એક અર્થતંત્રમાં ખેતી, ઉદ્યોગ અને સેવાક્ષેત્રે મળેલ રોજગારીના સંયોજનને રોજગારીનું માળખું કહે છે.
રાષ્ટ્રીય આવક (National Income)	:	વર્ષ દરમિયાન ખેતી-ઉદ્યોગ-સેવાક્ષેત્ર દેશ અને વિદેશનાં સાધનો દ્વારા ઉત્પન્ન થયેલ અંતિમ વસ્તુઓ-સેવાઓનું નાણાકીય મૂલ્ય.
પાયાની સુવિધાઓ (Basic Utilities)	:	દેશના વિકાસ માટે આવશ્યક મૂળભૂત સગવડો અને પાયાની સુવિધાઓ કહે છે.
જકાત (Tariff)	:	જકાત એટલે એક પ્રકારનો કર જ્યારે દેશના લોકો અને પેઢીઓ આયાત-નિકાસ કરે છે ત્યારે ચોક્કસ ઉદ્દેશ્યથી આ આયાત-નિકાસ પર સરકાર દ્વારા નાંખવામાં આવતા કરને જકાત કહે છે.

આર્થિક સુધારા (Economic Reforms)	:	રાજ્યના નિયંત્રણવાળી અર્થ-વ્યવસ્થામાં આર્થિકક્ષેત્રે નિયંત્રણો ક્રમશઃ હળવા કરવાની પ્રક્રિયાને ભારતમાં આર્થિક સુધારા તરીકે ઓળખવામાં આવે છે.
ઉદારીકરણ (Liberalization)	:	રાજ્ય અંકુશિત અર્થ-વ્યવસ્થામાં ખાનગી સાહસ, વ્યક્તિગત નિર્ણયોનું સ્વાતંત્ર્ય બજાર પરિબળ દ્વારા આર્થિક નિર્ણયોનો વ્યાપ વધે તે પ્રક્રિયાને ઉદારીકરણ કહે છે.
ખાનગીકરણ (Privatization)	:	ખાનગીકરણ એટલે ઔદ્યોગિક માલિકીનું જાહેર ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં હસ્તાંતરણ.
વૈશ્વિકીકરણ (Globalization)	:	વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે વધુ ને વધુ સાંકળવાની પ્રક્રિયા.
વિમૂડીકરણ (Disinvestment)	:	વિમૂડીકરણ એટલે જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી રાજ્ય પોતાનો ફાળો ઓછો કરીને કે પાછો ખેંચીને ખાનગી ક્ષેત્રને વેચે છે. આમ, રાજ્ય જાહેર ક્ષેત્રના ઉદ્યોગોમાંથી પોતાની મૂડી પાછી ખેંચે છે જેને વિમૂડીકરણ કહે છે.
ઈજારાશાહી નિયંત્રણધારો (MRTP - Monopolies and Restrictive Trade Practices Act : 1969)	:	ઉદ્યોગોને ઈજારો સ્થાપવા જેટલા મોટા થવાથી રોકવા અંગેનો કાયદો
સ્પર્ધાત્મકતા અંગેનો કાયદો (Compitition Act : 2002)	:	બજારમાં સ્પર્ધકો વચ્ચેની બિનઆરોગ્યપ્રદ હરીફાઈ રોકવા અંગેનો MRTPના બદલે સ્થપાયેલ ધારો
વિદેશી હૂંડિયામણ નિયમનધારો (FERA - Foreign Exchange Regulation Act : 1973)	:	ઉદ્યોગો દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી નિયંત્રિત કરતો ધારો
વિદેશી હૂંડિયામણ સંચાલનધારો (FEMA - Foreign Exchange Management Act - 1999)	:	ઉદ્યોગો દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી નિયંત્રિત કરવાના બદલે તેનું સંચાલન કરવા અંગેનો ધારો
ઉત્પાદન (Production)	:	ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.
રાષ્ટ્રીય આવક (National Income)	:	વર્ષ દરમિયાન ચાર સાધનોએ રાષ્ટ્રના ઉત્પાદનમાં આપેલ ફાળા બદલ તેમને મળતી કુલ આવક (ભાડું, વેતન, વ્યાજ, નફો)નો સરવાળો એ રાષ્ટ્રીય આવક છે.
રાષ્ટ્રીય પેદાશ (National Product)	:	વર્ષ દરમિયાન ઉત્પાદનનાં સાધનોથી દેશનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓના કુલ ઉત્પાદન-મૂલ્યનો સરવાળો રાષ્ટ્રીય પેદાશ છે.

અલિપ્ત અર્થતંત્ર (Closed Economy)	:	એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની કોઈ ભૂમિકા હોતી નથી. આવા અર્થતંત્રને અન્ય દેશો સાથે આર્થિક વ્યવહારો હોતા નથી. આયાત-નિકાસ વગરનું અર્થતંત્ર હોય છે.
ખુલ્લું અર્થતંત્ર (Open Economy)	:	એવું અર્થતંત્ર જેમાં સરકાર અને વિદેશ વેપારની ભૂમિકા હોય છે. સરકાર અનેક કાર્યો કરે છે. દેશ આયાત-નિકાસ પણ કરે છે. આજનાં બધાં અર્થતંત્રો ખુલ્લાં અર્થતંત્રો છે.
કુલ આંતરિક પેદાશ (GDP)	:	વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય તેના બજાર-મૂલ્યને કુલ આંતરિક પેદાશ કહે છે.
શુદ્ધ આંતરિક પેદાશ (NDP)	:	વર્ષ દરમિયાન દેશની હદમાં દેશના અને વિદેશના નાગરિકો દ્વારા જે અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તેના બજાર-મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું નાણાકીય મૂલ્ય શુદ્ધ આંતરિક પેદાશ છે.
કુલ રાષ્ટ્રીય પેદાશ (GNP)	:	વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યને દેશની કુલ રાષ્ટ્રીય પેદાશ કહે છે.
શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ (NNP)	:	વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ ઉત્પન્ન કરેલી વસ્તુઓ અને સેવાઓના નાણાકીય મૂલ્યમાંથી ઘસારો બાદ કર્યા પછીનું શેષ નાણાકીય મૂલ્ય એ શુદ્ધ રાષ્ટ્રીય પેદાશ છે.
માથાદીઠ આવક (Per Capita Income)	:	વ્યક્તિદીઠ સરેરાશ આવક એ માથાદીઠ આવક છે. દેશની કુલ રાષ્ટ્રીય આવકને કુલ વસતિ વડે ભાગતા જે આવક પ્રાપ્ત થાય છે તે માથાદીઠ આવક છે.
બેવડી ગણતરી (Double Counting)	:	જ્યારે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં કોઈ વસ્તુ કે સેવાનું મૂલ્ય એક કરતા વધારે વખત ગણવામાં આવે તો તેને બેવડી ગણતરી કહે છે.
આરોપિત ભાડું (Imputed Rent)	:	પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોત તો જે ભાડું મળી શકત તેનો અંદાજ આરોપિત ભાડું છે.

નાણાકીય આવક (Monetary Income)	જે રાષ્ટ્રીય આવક બજારભાવે ગણવામાં આવે તેને નાણાકીય રાષ્ટ્રીય આવક તરીકે ઓળખવામાં આવે છે.
વાસ્તવિક આવક (Real Income)	જે રાષ્ટ્રીય આવકને પાયાના વર્ષના ભાવે એટલે કે સ્થિર ભાવે ગણવામાં આવે તેને વાસ્તવિક રાષ્ટ્રીય આવક કહે છે.
ઘસારો (Depreciation)	વપરાશને કારણે મૂડીસાધનની કિંમતમાં થતો ક્રમશઃ અને કાયમી ઘટાડો એ ઘસારો છે. યંત્રો, મૂડીસાધનોને ઉત્પાદન દરમિયાન ઘસારો લાગતો હોય છે.
કરટાળો (Tax Avoidance)	કાયદાની છટકબારીનો ઉપયોગ કરીને કરદાતા કર ભરવાનું ટાળે તો તે કરટાળો છે. કરટાળો કાયદેસર છે.
કરચોરી (Tax Evasion)	કરદાતા કર ભરવાની જવાબદારી ચૂકે તે કરચોરી છે. કરચોરી ગેરકાયદેસર છે.
અંદાજપત્ર (Budget)	સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજો
સમતોલ અંદાજપત્ર (Balanced Budget)	જે અંદાજપત્રમાં આવક અને ખર્ચના અંદાજો સરખા હોય તેને સમતોલ અંદાજપત્ર કહેવાય.
અસમતોલ અંદાજપત્ર (Unbalanced Budget)	જે અંદાજપત્રમાં આવક અને ખર્ચના અંદાજો સરખા ન હોય તેને અસમતોલ અંદાજપત્ર કહેવાય.
પુરાંતવાળું અંદાજપત્ર (Surplus Budget)	જ્યારે અંદાજપત્રમાં અંદાજિત ખર્ચ કરતા અંદાજિત આવક વધારે હોય ત્યારે તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવાય.
ખાધવાળું અંદાજપત્ર (Deficit Budget)	જ્યારે અંદાજપત્રમાં અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક ઓછી હોય ત્યારે આવું અંદાજપત્ર ખાધવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે.
મહેસૂલ ખાતું (Revenue Account)	મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચના અંદાજો દર્શાવતું ખાતું
મૂડીખાતું (Capital Account)	મૂડી-આવકો તથા મૂડીખર્ચના અંદાજો દર્શાવતું ખાતું
મહેસૂલી આવક (Revenue Receipt)	કરવેરા, કર સિવાયની આવકો મહેસૂલી આવકો છે.
મહેસૂલી ખર્ચ (Revenue Expenditure)	સરકારના વપરાશી-ખર્ચ, પગાર-ભથ્થાં અને નાણાકીય સહાયો, અનુદાનો માટેનું ખર્ચ મહેસૂલી ખર્ચ છે.
મૂડી-આવક (Capital Receipt)	રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બૅન્કમાંથી લીધેલ કરજ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડીખાતાની આવકો છે. જેમની અસરો લાંબા ગાળામાં વર્તાય છે.
મૂડીખર્ચ (Capital Expenditure)	જમીન-મકાન-યંત્રો, જાહેર સાહસોના શૅર જેવી મૂડી બાબતો પાછળ થયેલો ખર્ચ મૂડીખાતાનો ખર્ચ છે. જેમની અસરો લાંબા ગાળામાં વર્તાય છે.

મહેસૂલી ખાધ (Revenue Deficit)	:	અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતાં મહેસૂલી ખર્ચ વધારે હોય ત્યારે ઉદ્‌ભવતી ખાધ
અંદાજપત્રીય ખાધ (Budgetary Deficit)	:	જ્યારે સરકારના અંદાજપત્રમાં મહેસૂલી ખાતા તથા મૂડી-ખાતાની આવકો કરતાં મહેસૂલી ખાતા અને મૂડીખાતાનું ખર્ચ વધારે હોય ત્યારે તેને અંદાજપત્રીય ખાધ ઊભી થાય છે.
રાજકોષીય ખાધ (Fiscal Deficit)	:	સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ કરજનો સરવાળો રાજકોષીય ખાધ છે. રાજકોષીય ખાધ = કુલ ખર્ચ – કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની).
પ્રાથમિક ખાધ (Primary Deficit)	:	રાજકોષીય ખાધમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરતાં બાકી રહેતી ખાધ. રાજકોષીય ખાધ – વ્યાજની ચૂકવણી = પ્રાથમિક ખાધ
ઉત્પાદન (Production)	:	ચોક્કસ સમયે ઉપલબ્ધ સાધનો દ્વારા જેટલા પ્રમાણમાં વસ્તુઓ ઉત્પન્ન થાય તેને ઉત્પાદન કહેવાય.
રાજકોષ (Treasury)	:	રાજકોષ એટલે રાજ્યની આવકનું ભંડોળ. રાજ્યની અર્થ-વ્યવસ્થાના સંચાલન, વિકાસ, પ્રજાનાં કલ્યાણલક્ષી કાર્યો, સુરક્ષા હેતુ, રોજગારી, આંતર માળખાકીય સુવિધા, આપત્તિ સમયમાં મદદરૂપ થવા જેવા વિવિધ હેતુને પાર પાડવા માટે રાજ્ય દ્વારા કર કે અન્ય આવકરૂપે મેળવવામાં આવેલ ભંડોળ એટલે રાજકોષ.
ભૂમિકર (Land Revenue)	:	રાજ્ય દ્વારા ખેતીક્ષેત્રે ખેડૂતો પાસેથી લેવામાં આવતા કરને ભૂમિકર કહે છે.
સર્વોદય (Sarvodaya)	:	ગાંધીજીએ હિંસાથી મુક્ત સમાજવાદની કલ્પના કરી જેમાં નિરાધાર, દીન, હીન સર્વનો ઉદય થાય તેને સર્વોદય નામ આપ્યા. ટૂંકમાં સર્વનો ઉદય એટલે સર્વોદય.
ટ્રસ્ટીશિપ (વાલીપણા)નો ખ્યાલ (Idea of Trusteeship)	:	કોઈ વ્યક્તિને વારસામાં કે વેપાર-ઉદ્યોગ દ્વારા વિપુલ સંપત્તિની માલિકી મળી હોય તોપણ તે સંપત્તિના માલિકો તે સંપત્તિના માલિકના બદલે તેના ટ્રસ્ટી (વાલી) તરીકે વર્તે અને સંપત્તિનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે કરે.

મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ (Capital Intensive Technique of Production) : ઉત્પાદન-કાર્યમાં શ્રમના પ્રમાણ કરતા મૂડીનું પ્રમાણ વધારે હોય તેવી ઉત્પાદન-પદ્ધતિ એટલે મૂડીપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ.

શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ (Labour Intensive Technique of Production) : ઉત્પાદન-કાર્યમાં મૂડીના પ્રમાણ કરતાં શ્રમનું પ્રમાણ વધારે હોય તેવી ઉત્પાદન એટલે શ્રમપ્રધાન ઉત્પાદન-પદ્ધતિ.

શ્રમનું ગૌરવ (Dignity of Labour) : જેની પાસે શ્રમશક્તિ છે તેને ગૌરવશાળી જીવન જીવવાની તક મળવી જોઈએ અને તેને યોગ્ય રોજગારી અને વેતન આપવું.

જનપદ (State) : રાજા દ્વારા સ્થપાયેલ રાજ્ય અને તેની વ્યવસ્થા.

અપરિગ્રહ (Non-Possession) : માનવીએ જરૂરિયાતથી વધારે ના વાપરવું અને વધારે ના રાખવું તેવો નિયમ.

અંત્યોદય (Antyodaya) : છેવાડાના વ્યક્તિનો વિકાસ

ઉપભોગ (Consumption) : વસ્તુ કે સેવાની વપરાશ

આકૃતિ : કાર્યકારણનો સંબંધ ધરાવતા ચલો વચ્ચેનો સંબંધ રેખાંકિત કરવામાં આવતાં જે ચિત્ર મળે તેને આકૃતિ કહેવાય.

આલેખ : સતત આવૃત્તિ ધરાવતી માહિતી અથવા અસ્પષ્ટ આંકડાકીય માહિતી માટે આંકડાશાસ્ત્રની મદદથી સ્પષ્ટતા લાવીને દોરાતું ચિત્ર એટલે આલેખ.

સ્તંભ આકૃતિ : જ્યારે કોઈ એક ચલના મૂલ્યને વિવિધ વિભાગો વચ્ચે વહેંચવામાં આવ્યા હોય ત્યારે દરેક વિભાગ માટે સમાન આધાર પર એક સ્તંભ દોરવામાં આવે અને સ્તંભની ઊંચાઈ તે મૂલ્ય દર્શાવે તેવી આકૃતિ એ સ્તંભ આકૃતિ કહેવાય છે.

વૃત્તાંશ આકૃતિ : કુલ માહિતીના પેટા વિભાગોને વર્તુળના અંશના પ્રમાણમાં જ્યારે દોરવા (દર્શાવવા) આવે ત્યારે તેવી આકૃતિ એ વૃત્તાંશ આકૃતિ કહેવાય.

આર્થિક પ્રગતિ	:	માથાદીઠ આવકમાં થતો વધારો એ આર્થિક પ્રગતિ છે.
આર્થિક વૃદ્ધિ	:	વૃદ્ધિ એટલે આર્થિક વૃદ્ધિ જે રાષ્ટ્રીય આવક વધવાનો દર અથવા વસ્તુ અને સેવાઓના કુલ ઉત્પાદનના પ્રમાણમાં થતો વધારો દર્શાવે.
આર્થિક વિકાસ	:	આર્થિક વિકાસ એ બહુપરિમાણીય પ્રક્રિયા છે.
જીવનની ભૌતિક ગુણવત્તા	:	વપરાશના ધોરણ કે જીવનધોરણને જીવનની ભૌતિક ગુણવત્તા કહે છે.
પરિમાણાત્મક પરિવર્તન	:	અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રોમાં કુલ ઉત્પાદનમાં થતો વધારો એ પરિમાણાત્મક પરિવર્તન છે.
ગુણાત્મક પરિવર્તન	:	નવાં સંશોધનો થાય, નવી પદ્ધતિઓ ઉપયોગમાં આવે, શ્રમની કાર્યક્ષમતા બદલાય, ક્ષેત્રવાર અર્થતંત્રમાં હિસ્સો બદલાય તે ગુણાત્મક પરિવર્તન છે.
પ્રૌઢ સાક્ષરતા-દર	:	15 વર્ષ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં શિક્ષણના પ્રમાણને પ્રૌઢ સાક્ષરતા-દર કહે છે.
અપેક્ષિત આયુષ્ય	:	બાળકના જન્મસમયે તે કેટલા વર્ષનું સરેરાશ આયુષ્ય ભોગવશે તેની અપેક્ષા
બાળમૃત્યુ-દર	:	જીવતાં જન્મેલાં દર હજાર બાળકોએ એક વર્ષનું આયુષ્ય ભોગવ્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યા કે પ્રમાણ
જીવનધોરણ	:	નાગરિકોને પ્રાપ્ત થતી સુવિધાઓ જેમાં પાણી-વીજળી-ડ્રેનેજ-મકાન-વાહનવ્યવહાર સંદેશાવ્યવહાર, આરોગ્ય સુવિધા દ્રાવ્ય કેલરી, પ્રોટીન અને ચરબીનો સમાવેશ થાય છે.
અભ્યાસના અપેક્ષિત વર્ષો	:	દેશમાં શાળામાં વિદ્યાર્થીના નક્કી કરેલા અપેક્ષિત વર્ષ આટલાં વર્ષ વિદ્યાર્થી શાળામાં ભણે તેવી અપેક્ષા હોય છે.
અભ્યાસના સરેરાશ વર્ષો	:	દેશમાં શાળામાં વિદ્યાર્થીઓએ સરેરાશ ગાળેલાં વર્ષોનું પ્રમાણ
સમખરીદ શક્તિ	:	સ્થાનિક બજારમાં એક સમાન વસ્તુઓ માટે બે ચલણોના મૂલ્યના સંદર્ભમાં ખરીદશક્તિની સમાનતા
બૅન્ક	:	બૅન્ક એટલે નફાના હેતુથી કાર્ય કરતી એવી ધંધાકીય સંસ્થા જે પ્રજાની બચતોને થાપણો તરીકે સ્વીકારે, તેના બદલામાં વ્યાજ આપે, તે થાપણો સાચવે, વળી તે થાપણોમાંથી જેમને જરૂર હોય તેમને ધિરાણ આપે, ધિરાણ સામે વ્યાજ વસૂલ કરે તથા અતિરિક્ત નાણાંનું દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ પણ કરે.
શાખ સર્જન	:	પ્રાથમિક થાપણોમાંથી ધિરાણ આપીને બૅન્કિંગ વ્યવસ્થામાં નવી થાપણો ઊભી કરીને નાણાંનો પુરવઠો વધારવાની નીતિવિષયક પ્રક્રિયા એટલે શાખસર્જન.
શિડ્યુલ બૅન્ક	:	ભારતમાં રિઝર્વ બૅન્કની 1934ની ધારાની બીજી અનુસૂચિમાં પ્રવેશ પામેલી બૅન્કિંગ સંસ્થા (તે પ્રમાણે સ્થપાયેલી સંસ્થા) એટલે શિડ્યુલ બૅન્ક

મધ્યસ્થ બૅન્ક : મધ્યસ્થ બૅન્ક એટલે દેશની સર્વોચ્ચ બૅન્ક જેનાં મુખ્ય કાર્યોમાં નાણાબજાર અને બૅન્કિંગ ક્ષેત્રની મદદ, નિયંત્રણ અને પ્રોત્સાહન તથા દેશના આર્થિક હિત માટે નાણાકીય સ્થિરતા લાવવી વગેરેનો સમાવેશ થાય છે.

નાણાકીય નીતિ : દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને પ્રજાનું હિત જાળવીને આર્થિક સ્થિરતા માટે સર્વોચ્ચ બૅન્ક દ્વારા નાણાંનો પુરવઠો અંકુશિત કરવા અંગેની નીતિ એટલે નાણાકીય નીતિ

પ્રાથમિક થાપણો : ગ્રાહક દ્વારા બૅન્કમાં થાપણોના સ્વરૂપે જમા કરાવેલ પ્રારંભિક બચતોને પ્રાથમિક થાપણ કહેવાય.

વ્યુત્પન્ન થાપણો : પ્રારંભિક થાપણોમાંથી સર્જાયેલી લૉનનાં નાણાં બૅન્કમાં જમા કરાવવાથી ઉત્પન્ન થયેલી થાપણો એટલે વ્યુત્પન્ન થાપણો.

સરકારી જામીનગીરીઓ : પ્રજા પાસેથી ધિરાણ પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા બજારમાં વેચવામાં આવતા બૉન્ડ જેને ચોક્કસ મુદત બાદ સરકાર પરત ખરીદી લે છે અને મુદત દરમિયાન વ્યાજ ચૂકવે છે તેવા બૉન્ડને સરળ ભાષામાં જામીનગીરી કહેવામાં આવે છે.

નાણાંના સંગ્રાહક તરીકે નાણાંનું કાર્ય : નાણું મૂલ્યનો સંગ્રહ કરવા વપરાય છે. નાણાંનું અન્ય ચલણોમાં રૂપાંતર થાય ત્યારે અથવા બજાર પ્રવૃત્તિઓમાં વપરાય ત્યારે તેનું પોતાનું મૂલ્ય પણ વધે છે.

લોરેન્જ વક્ર (Lorenz Curve) : અર્થશાસ્ત્રમાં લોરેન્જ વક્ર તે આવક અથવા સંપત્તિની વહેંચણીની આલેખ દ્વારા રજૂઆત કરે છે. વર્ષ 1905માં મેક્સ ઓ. લોરેન્જ (Max. O. Lorenz) દ્વારા સંપત્તિની વહેંચણીની અસમાનતાને રજૂ કરવા લોરેન્જ વક્ર દર્શાવ્યો હતો.

ગીની (ગુણાંક) : ગીની (ગુણાંક) તે લોરેન્જ વક્ર પર આધારિત આવક અથવા સંપત્તિની વહેંચણીનું સંખ્યાત્મક માપ છે. ગીની (ગુણાંક)નું મૂલ્ય 0 થી 1ની વચ્ચે હોય છે. જે ગીની (ગુણાંક)નું મૂલ્ય શૂન્ય હોય તો તે સંપત્તિની સંપૂર્ણ સમાન વહેંચણીને દર્શાવે છે. જો ગીની ગુણોત્તરનું મૂલ્ય 1 હોય તો તે સમગ્ર સંપત્તિની માલિકી એક જ વ્યક્તિની છે તેમ દર્શાવે છે. ગીની (ગુણાંક)નું મૂલ્ય જેમ વધારે તેમ સંપત્તિની વહેંચણી વધુ અસમાન તેમ કહેવાય.

માથાદીઠ વપરાશી-ખર્ચ : કોઈ એક વર્ષ દરમિયાન કુટુંબો દ્વારા ખરીદેલ બધી જ વસ્તુઓ અને સેવાઓના બજારમૂલ્યને તે જ વર્ષની કુલ વસ્તી વડે ભાગતા માથાદીઠ વપરાશી-ખર્ચ પ્રાપ્ત થાય છે.

શ્રમિકદીઠ ઉત્પાદકતા	: કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન એક શ્રમિક દ્વારા જે પ્રમાણમાં વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન થાય તે શ્રમિક દીઠ ઉત્પાદકતા છે.
સાક્ષરતા-દર	: ભારતમાં 1991ની વસ્તીગણતરી મુજબ સાત વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓ કે જે સમજણ સાથે લખી કે વાંચી શકે છે તેનું કુલ વસ્તીમાં ટકાવારી પ્રમાણ સાક્ષરતા-દર છે.
FAO	: Food and Agricultural Organization. FAO United nation ની ખાસ એજન્સી છે જે આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂખમરાને ઘટાડવાનો પ્રયાસ કરે છે.
તેજી	: વ્યાપાર-ચક્રનો એવો તબક્કો કે જેમાં વ્યાપાર-પ્રવૃત્તિ ઉચ્ચત્તમ કક્ષાએ હોય અને માંગના ઊંચા દરને કારણે અર્થતંત્રમાં નફાકારકતા હોય છે. તેથી મૂડીરોકાણ અને રોજગારી ઊંચા દરે હોય છે.
મંદી	: અસરકારક માંગમાં ઘટાડો થતા પુરવઠાની છત ઊભી થાય છે. તેથી બજારકિંમત ઘટવાનું વલણ જોવા મળે છે. પરિણામે નફો ઘટતા મૂડીરોકાણ અને રોજગારીમાં ઘટાડો થાય તેવો વ્યાપાર-ચક્રનો તબક્કો
સક્રિય શ્રમનો પુરવઠો	: પ્રવર્તમાન વેતન-દરે કામ કરવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી ધરાવતા શ્રમનો પુરવઠો
વિકસિત દેશ	: જે દેશનો આર્થિક વિકાસ થઈ ચૂક્યો છે તેવો દેશ દા.ત., અમેરિકા, બ્રિટન
વિકસતા દેશ	: જે દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયા ચાલુ હોય તેવો દેશ. દા.ત., ભારત
શ્રમશક્તિ/પુરવઠો	: રોજગારી મેળવતા લોકો અને બેરોજગાર લોકોની કુલ સંખ્યા
મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ	: ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પદ્ધતિમાં શ્રમના એકમો કરતા મૂડીના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ
શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ	: ચીજવસ્તુના ઉત્પાદનકાર્યની પદ્ધતિમાં મૂડીના એકમો કરતા શ્રમના એકમો વધારે હોય તેવી ઉત્પાદન પદ્ધતિ
મૂડીવાદી અર્થતંત્ર	: જે અર્થતંત્રમાં ઉત્પાદનનાં તમામ સાધનોની માલિકી ખાનગી ક્ષેત્ર હસ્તક હોય અને ઉત્પાદનના નિર્ણય બજારતંત્ર દ્વારા નફાના ઉદ્દેશથી લેવાતા હોય તેવી અર્થવ્યવસ્થા.
જાહેર ક્ષેત્ર	: ઉત્પાદન એકમની માલિકી, મૂડીરોકાણ અંકુશ, વહીવટ રાજ્ય હસ્તક હોય તેવા એકમો
શ્રમની ગતિશીલતા	: એક સ્થળેથી બીજા સ્થળે કે એક વ્યવસાયમાંથી બીજા વ્યવસાયમાં શ્રમિકનું રોજગારી હેતુ માટેનું સ્થળાંતર

વસ્તી-વિસ્ફોટ	:	ભારતમાં મૃત્યુ-દર ઝડપથી ઘટવાની સામે જન્મ-દર ઝડપથી ન ઘટવાથી ચોખ્ખો વસ્તી વધારો ઊંચા દરે થયો જેને વસ્તી-વિસ્ફોટ કહેવામાં આવે છે.
વસ્તીનાં વલણો	:	વસ્તીનાં વલણો એટલે વસ્તીનું કદ, વસ્તીવૃદ્ધિ-દર, જન્મ-દર, મૃત્યુ-દર, શહેરી વસ્તી, ગ્રામીણ વસ્તી તેમજ સ્ત્રી-પુરુષના પ્રમાણને લગતી આંકડાકીય માહિતી મેળવી તેનું અર્થઘટન કરવું.
વસ્તીનું કદ	:	વસ્તીનું કદ એટલે જુદાં-જુદાં વર્ષો દરમિયાન દેશની કુલ વસ્તી અથવા તો પ્રમાણને વસ્તીનું કદ કહે છે.
સ્ત્રી-પુરુષનું પ્રમાણ	:	કુલ વસ્તીમાં જુદાં-જુદાં વર્ષો દરમિયાન સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યા કેટલી છે તે પ્રમાણને સ્ત્રી-પુરુષનું પ્રમાણ કહે છે.
જાતિ-પ્રમાણ/લિંગ-પ્રમાણ	:	દેશની વસ્તીમાં પ્રતિ 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યાને જાતિ-પ્રમાણ અથવા લિંગ-પ્રમાણ કહે છે.
વસ્તીની વયજૂથ અનુસાર વહેંચણી	:	વસ્તીની વય-જૂથ અનુસાર વહેંચણી એટલે દેશની કુલ વસ્તીનું વિવિધ વય-જૂથોમાં વિભાજન દા.ત., 0-14, 15-64 વર્ષની વયની વ્યક્તિઓનું કુલ વસ્તીમાં પ્રમાણ
ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ	:	દેશની કુલ વસ્તીમાં કેટલા લોકો ગ્રામીણ વિસ્તારમાં અને કેટલા લોકો શહેરી વિસ્તારમાં રહે છે. તેની માહિતી ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણ દ્વારા જાણવા મળે છે.
જન્મ-દર	:	વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ જન્મતાં બાળકોની સંખ્યાને જન્મ-દર કહે છે.
મૃત્યુ-દર	:	વર્ષ દરમિયાન દર હજારની માનવવસ્તીએ મૃત્યુ પામતા વ્યક્તિઓની સંખ્યાને મૃત્યુ-દર કહે છે.
બાળમૃત્યુ-દર	:	જીવતાં જન્મેલાં દર હજાર બાળકોમાં એક વર્ષનું આયુષ્ય પૂરું કર્યા પહેલાં મૃત્યુ પામતાં બાળકોની સંખ્યાને બાળ મૃત્યુ-દર કહે છે.
વસ્તીનીતિ	:	વસ્તીવૃદ્ધિના દરને ઇચ્છનીય સપાટી પર લઈ જવા માટે સરકાર દ્વારા લેવામાં આવતાં પગલાંને વસ્તીનીતિ કહે છે.
કામ કરતી વસ્તી	:	દેશની કુલ વસ્તીમાંથી કામ કરતી વસ્તીને કામ કરતી વસ્તી કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો દેશની ઉત્પાદન-પ્રવૃત્તિમાં જે વસ્તી પોતાનો સહયોગ આપે છે. દા.ત., 15 થી 64 વર્ષની વય ધરાવતા લોકો કામ કરતી વસ્તીમાં સમાવેશ થાય છે.
કામ ન કરતી વસ્તી	:	દેશમાં થતી ઉત્પાદન-પ્રવૃત્તિમાં જેમનો કોઈ હિસ્સો નથી તેવી વસ્તીને કામ ન કરતી વસ્તી કહે છે. દા.ત., મહિલાઓ, બાળકો અને વૃદ્ધો
રાષ્ટ્રીય આવક	:	ઉત્પાદનનાં સાધનો વડે વર્ષ દરમિયાન ઉત્પાદિત થયેલ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય
નિકાસ	:	અન્ય દેશને થતા વેચાણને નિકાસ કહે છે.
નાબાર્ડ	:	ભારતની મધ્યસ્થ બૅન્ક (RBI)ની એક સંસ્થા છે જે માત્ર ખેતીક્ષેત્ર માટે નાણાકીય કાર્ય કરતી હોવાથી તેને ખેતીક્ષેત્રની મધ્યસ્થ બૅન્ક કહે છે. (National Bank for Agricultural ands Rural Development)

વેપાર	:	વેપાર એટલે એવી ધંધાકીય/વ્યાવસાયિક પ્રવૃત્તિ જેમાં વસ્તુઓ, સેવાઓ, મૂડી, ટેક્નોલૉજી, ટેકનિકલ જાણકારી, માહિતી, નવીન જ્ઞાન વગેરેનો નફા માટે વિનિમય થાય છે.
વેપારનું સ્વરૂપ	:	અર્થતંત્રમાં પ્રવર્તમાન સંજોગો, નીતિઓ, વેપારની રચના (વેપાર થતી વસ્તુઓના પ્રકાર) અને વેપાર-વ્યવસ્થા વગેરે પરિબળોનો વેપાર સાથેનો સંબંધ એટલે વેપારનું સ્વરૂપ
આયાત-નિકાસનું સ્વરૂપ	:	આયાત અને નિકાસ થતી વસ્તુઓની રચના અથવા તેમના પ્રકારો એટલે આયાત અને નિકાસનું સ્વરૂપ
વેપારનું કદ	:	કોઈ દેશમાં કોઈ સમયગાળા દરમિયાન આયાત અને નિકાસ થતી વસ્તુઓનું કુલ મૂલ્ય તથા કુલ જથ્થો એટલે વેપારનું કદ
વેપારની દિશા	:	વેપારની દિશા એટલે કોઈ દેશનો વિશ્વના વિવિધ પ્રદેશો સાથેનો વેપાર માટેનો સંબંધ
વેપાર તુલા	:	વર્ષ દરમિયાન કોઈ દેશના વિદેશો સાથેની આપ-લેના હિસાબી સરવૈયામાં ભૌતિક વસ્તુઓની આયાત અને નિકાસના મૂલ્યની તુલા
લેણદેણની તુલા	:	વર્ષ દરમિયાન દેશની ભૌતિક (દૃશ્ય) અને અભૌતિક (અદૃશ્ય) ચીજોની આયાત-નિકાસનું મૂલ્ય દર્શાવતું હિસાબી સરવૈયું એટલે લેણદેણની તુલા
હૂંડિયામણનો દર	:	જે દરે એક દેશના ચલણને બીજા દેશના ચલણમાં રૂપાંતર કરી શકાય તે દર એટલે હૂંડિયામણનો દર અથવા એક દેશના ચલણની બીજા દેશના ચલણમાં વ્યક્ત થતી કિંમત એટલે હૂંડિયામણનો દર
પરંપરાગત નિકાસો	:	દેશમાં સ્વતંત્રતા પહેલાં અને પછીનાં ઘણાં વર્ષો સુધી જે વસ્તુઓની નિકાસોનું પ્રમાણ વધુ રહ્યું હોય અને દેશની પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા ઉત્પાદિત થયેલી વસ્તુઓની નિકાસોને પરંપરાગત નિકાસો તરીકે ઓળખાય છે.
વિકાસલક્ષી આયાતો	:	દેશમાં વિકાસની પ્રક્રિયા વધારવા માટે ઓછા વિકસિત દેશો અને વિકાસશીલ દેશો દ્વારા થતી મૂડી, ટેક્નોલૉજી વગેરેની આયાતો એટલે વિકાસલક્ષી આયાતો
નિભાવ માટેની આયાતો	:	વિકાસશીલ દેશોમાં હાથ ધરાયેલી વિકાસ અને ઔદ્યોગિકીકરણની પ્રવૃત્તિને ટકાવી રાખવા અને નિભાવવા માટેની આયાતો જેવી કે, સ્પૅરપાર્ટ્સ, ટેકનિકલ સલાહ અને જાણકારી, વચગાળાની વસ્તુઓ, પેટ્રોલ, ઊર્જા વગેરેની આયાતો એટલે નિભાવ માટેની આયાતો.

સમતોલ આર્થિક વિકાસ : જ્યારે દેશનાં તમામ ક્ષેત્રોનો એકસરખો વિકાસ થાય ત્યારે તેને સમતોલ આર્થિક વિકાસ કહે છે.

આયાત-જકાત : આયાત (વિદેશોમાંથી થયેલ ખરીદી) પરના વેરાને આયાત-જકાત કહે છે, જે મુખ્યત્વે આયાતોને અવરોધવા માટે ઉપયોગમાં લેવાય છે.

વિશિષ્ટ આર્થિક વિસ્તાર : એક એવો વિસ્તાર જે વિદેશી મૂડીરોકાણકારોને આકર્ષે અને અંકુશોમુક્ત વાતાવરણ સર્જી, દેશની નિકાસો વધે તેવા પ્રયાસો કરતો વિસ્તાર

પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ : જેને અંગ્રેજીમાં Foreign Direct Investment એટલે કે FDI પણ કહે છે. મૂળ વિદેશના લોકો દ્વારા દેશમાં ઉત્પાદનના હેતુથી વ્યક્તિગત ધોરણે મૂડીરોકાણ કરવામાં આવે છે ત્યારે તેને વિદેશી સીધું મૂડીરોકાણ કહેવામાં આવે છે.

જાહેર ક્ષેત્ર : કોઈ એક ઉત્પાદન એકમની માલિકી, સંચાલન અને અંકુશ સરકાર હસ્તક હોય છે તેવા ઉત્પાદન ક્ષેત્રને જાહેર ક્ષેત્રનું એકમ કહેવામાં આવે છે.

જાહેર નિગમ : કોઈ એક ઉત્પાદન એકમની માલિકી સરકાર હસ્તક હોય છે પરંતુ, સંચાલન સ્વતંત્રપણે કરવામાં આવતું હોય તેવા ઉત્પાદન ક્ષેત્રને જાહેર નિગમ તરીકે ઓળખવામાં આવે છે.

વસ્તીનું ભારણ : જ્યારે મર્યાદિત ક્ષેત્ર કે વિસ્તારમાં વસ્તીનો એક મોટો ભાગ વસે છે અથવા રોજગારીનો આધાર રાખે છે ત્યારે તે ક્ષેત્ર કે વિસ્તારમાં વસ્તીનું ભારણ થયું છે તેમ કહેવાય.

હરિયાળી ક્રાંતિ : સિંચાઈ, ખાતર, બિયારણ, જંતુનાશક દવા, યંત્રો દ્વારા ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસની જે હરણફાળ ભરવામાં આવી તે હરિયાળી ક્રાંતિ છે. બીજા શબ્દોમાં ખેતીક્ષેત્રે ટેક્નોલૉજિકલ વિકાસ દ્વારા ટૂંકા ગાળામાં જે ઝડપી ઉત્પાદન-વૃદ્ધિ થઈ તે હરિયાળી ક્રાંતિ તરીકે ઓળખાય છે.

રોકડિયો પાક : મુખ્યત્વે ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વપરાતા પાકને રોકડિયો પાક કહે છે. જે સામાન્ય રીતે બિનધાન્ય પાક છે.

થ્રેશર : અનાજના ડુંડામાંથી દાણા છૂટા પાડવા માટે વપરાતા યંત્રને થ્રેશર કહે છે.

સ્થળાંતર : જ્યારે વ્યક્તિ એક સ્થળેથી બીજા સ્થળે વતનથી દૂર દેશમાં કે વિદેશમાં નોકરી, વ્યવસાય, ધંધો કે વધુ સારા જીવનધોરણ પ્રાપ્ત કરવા માટે કાયમી વસવાટ કરે છે ત્યારે તેને સ્થળાંતર કહે છે.

આકર્ષણ સ્થળાંતર : જ્યારે વ્યક્તિ કોઈ પણ કારણસર શહેરી જીવન પદ્ધતિ અને અને વિવિધ સવલતોથી આકર્ષાઈને પોતાના વતનથી દૂર જઈ વસવાટ કરે ત્યારે તેને આકર્ષણ સ્થળાંતર કહે છે.

અપાકર્ષણ સ્થળાંતર : જ્યારે ગ્રામ્ય સમાજમાં વસતા લોકોને ધંધો, વ્યવસાય કે નોકરીની પૂરતી તકો પોતાનાં ગામડાંમાં ન હોય કે આર્થિક પ્રવૃત્તિ માટેના બીજા વિકલ્પો ન હોય કે અપૂરતા હોય, શિક્ષણની પૂરતી તકો ન હોય ત્યારે તેઓ ફરજિયાતપણે શહેરો તરફ ધકેલાય છે ત્યારે તેને અપાકર્ષણ સ્થળાંતર કહે છે.

શહેરીકરણ	:	ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં થતા વસ્તીના સ્થળાંતરને શહેરીકરણ કહે છે.
શિક્ષણ	:	શિક્ષણ એટલે શીખવા કે શીખવવાની પ્રક્રિયા.
માનવ મૂડીરોકાણ	:	માનવીની શારીરિક અને માનસિક શક્તિઓના વિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને તાલીમ પાછળ કરવામાં આવતું રોકાણ (ખર્ચ) એટલે માનવ મૂડીરોકાણ
આરોગ્ય	:	ફક્ત રોગની ગેરહાજરી કે શારીરિક શક્તિ જે સાચું આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય નહિ પરંતુ માણસના સંપૂર્ણ ભૌતિક, માનસિક અને સામાજિક કલ્યાણને (well-being) આરોગ્ય કે સ્વાસ્થ્ય કહી શકાય.

Abbreviations

ALE	:	Average Life Expectancy
BHEL	:	Bharat Heavy Electricals Limited
CD	:	Compact Disc
CIS	:	Commonwealth of Independent States
CMIE	:	Centre for Monitoring Indian Economy
CSO	:	Central Statistical Organization
DEMAT	:	Dematerialized Account
DUGJY	:	Deendayal Upadhyaya Gram Jyoti Yojna
DUGKY	:	Deendayal Upadhyaya Gram Kaushalya Yojna
DWCRA	:	Development of Women and Children in Rural Areas
EAS	:	Employment Assurance Scheme
GDP	:	Gross Domestic Product
GIC	:	General Insurance Company
GNI	:	Gross National Income
GSPC	:	Gujarat State Petroleum Corporation
HDI	:	Human Development Index
IAY	:	Indira Awaas Yojna
ICICI	:	Industrial Credit and Investment Corporation of India
IDBI	:	Industrial Development Bank of India
IFCI	:	Industrial Finance Corporation of India
IFFCO	:	Indian Farmers Fertiliser Co-operative Limited
ILO	:	International Labour Organization
IMF	:	International Monetary Fund
IOC	:	Indian Oil Corporation
IRDP	:	Integrated Rural Development Programme
JRY	:	Jawahar Rozgar Yojna
KRIBHCO	:	Krishak Bharati Co-operative Limited
LIC	:	Life Insurance Corporation
MGNREGA	:	Mahatma Gandhi National Rural Employment Guarantee Act.
MWS	:	Million well scheme
NREGA	:	National Rural Employment Guarantee Act
NSSO	:	National Sample Survey Organization

ONGC	:	Oil and Natural Gas Corporation Limited
OPEC	:	Organization of Petroleum Exporting Countries
PDUSJY	:	Pandit Deendayal Upadhyaya Shramev Jayate Yojna
PMAY	:	Pradhan Mantri Awaas Yojna
PMFBY	:	Pradhan Mantri Fasal Bima Yojana
PPP	:	Purchasing Power Parity
PQLI	:	Physical Quality of Life Index
RBI	:	Reserve Bank of India
REGP	:	Rural Employment Guarantee Programme
SGSY	:	Suvarnajayanti Gram Swarojgar Yojna
SIDBI	:	Small Industries Development Bank of India
SITRA	:	Supply of Improved Tool-Kits to Rural Artisans
TYYSEM	:	Training of Rural Youth for Self Employment
UK	:	United Kindgdom
UNO	:	United Nations Organization
USA	:	United States of America
WHO	:	World Health Organization

GDI = Gender Development Index = જાતિય સમાયોજન આંક

TAI = Technological Achievement Index = ટેક્નોલૉજી સિદ્ધી આંક

HPI = Human Poverty Index = માનવ ગરીબી આંક

HCI = Human Consumer Index = માનવ વપરાશ-આંક